* * *

## 28 (૨૮) જિલ્લા સ્કૂલ બોર્ડ, મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ સંચાલિત પ્રાથમિક શાળામાં કરેલ નોકરી પેન્શનપાત્ર ગણવા અંગે

સંયુકત શિક્ષણ નિયામક પત્રાંક : નં. ૧૮/મશબ/પેન,

તા. ૪-૩-'૭૬.

પ્રતિ, જિલ્લાશિક્ષણાધિકારીશ્રી (સર્વે),

ઉપરોકત બાબતે સરકારશ્રીએ બિનસરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓએ અગાઉ જિલ્લા સ્કૂલ બોર્ડ અથવા મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ સંચાલિત પ્રાથમિક શાળામાં કરેલ નોકરી બિનસરકારી માધ્યમિક શાળામાં કરેલ નોકરી સાથે જોડી પેન્શનપાત્ર ગણવાના હુકમો સરકારશ્રીએ ઠરાવક્રમાંક : એસએસએન-૩૪૭૪/૧૭૬૩-જી, તા ૨૮-૧-'૭૬ થી કરેલ છે, તો ઉપરોકત બાબત આપના જિલ્લાના માધ્યમિક શાળામાં આવા કોઈ કર્મચારી હોય તો તેઓની સ્કૂલ બોર્ડ કે મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ ખાતે કરેલી નોકરી અંગેનું પ્રમાણપત્ર મેળવી અને મૂળ સર્વિસબુક સાથે સામેલ રાખવા જરૂરી કાર્યવાહી હાથ ધરશો.

ઠરાવમાં જણાવ્યા અનુસાર સ્કૂલ બોર્ડની નોકરી અંગે કોઈ નિવૃત્તિ અંગેનો લાભ આપવામાં આવેલ હોય તો તે પાછા ભરી આપવા અને તેની નોંધ મૂળ સર્વિસબુકમાં કરવાની છે તેની નોંધ લેશો.

સહી, અવાચ્ય

સંયુકત શિક્ષણ નિયામક, ગુ. રા., અમદાવાદ

* * *